GJAN090002722015

દાખલ તારીખ : ૦૬/૦૮/૨૦૧૫
રજી. લીધા તારીખ : ૦૬/૦૮/૨૦૧૫
ફેંસલ તારીખ : ૩૧/૦૭/૨૦૨૬
સમયગાળો :૧૦ વર્ષ ૧૧ માસ ૨૫ દિવસ

=========================================

**આંકલાવ મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : આંકલાવ.**

=========================================

**ફો. કેસ નં.૩૯૭/૨૦૧૫**
**આંક :–**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપીઓ : (૧) પ્રદીપભાઈ ઠાકોરભાઈ ઠક્કર**
રહે.બી/૪૨, પરીવાર સોસાયટી, વાઘોરડીયા રોડ,
વડોદરા
(ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ)

**(૨) અજીતકુમાર ઘાસીરામ યાદવ**
રહે.ઘીલોટ, તા.બદરોડ, જી.અલવર
(ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ)

**(૩) બાબુલાલ શ્રીરામકુમાર શર્મા**
રહે.ગામ બલાઈમા, તા.જી.મહેન્દ્રગઢ, હરીયાણા

**(૪) કલ્યાણસીહ ભવાનીસિંહ બિહોલા**
રહે.અંબાવ, તા.આંકલાવ, જી.આણંદ
(ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ)

---

ગુન્હો : ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૧૧૬(ખ) મુજબ.

---

| | |
|---|---|
| સરકાર તર્ફે | : વિ.સ્પે.પી.પી. શ્રી ડી.એ.પટેલ |
| આરોપી પક્ષ તર્ફે | : વિ.વ.શ્રી વી.આર.ઉપાધ્યાય |

---

-:: <u>ચુકા દો</u> ::-

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં પાસ પરમીટનો ઇંગ્લીશ દારૂનો જથ્થો વગર કન્ટેનગર ગાડી નં.આર.જે.૩૨.જી.એ.૬૦૨૦ માં કીચન ગુડસના બોક્ષના ઓથા હેઠળ અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારુ તથા બીયર મળી કુલે ૧૯૧ બોક્ષ કૂલ નંગ–૪૪૬૮ કિ.રૂ.૭,૩૮,૨૦૦/– નો વગર પાસ પરમીટનો ભરી લાવી આ કામના આરોપી નં.૧ તથા ૪ તથા અન્ય આરોપી દીનેશ વાઘરી નાઓએ દારૂનો જથ્થો મંગાવી આરોપી નં.૨, ૩ નાઓ સદર જથ્થો કંન્ટેનરમાં ભરી લાવી આરોપી નં.૧ સ્થળ ઉપર પકડાઇ જઈ તથા આરોપી ઉદયભાન આહીર નાએ પોતાની માલીકીના કંન્ટેનરમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો ગુજરાતમાં વેચાણ કરવાના ઈરાદે પરપ્રાન્તમાંથી ભરાવી મોકલી આપતાં સદર જથ્થો આ કામના આરોપી નં.૪ નાઓએ અંબાવ ઈન્દીરા નગરીમાં ભાડે રાખેલ બે અલગ અલગ મકાનો સંગ્રહ રાખેલ તે જથ્થો રાખી તા.૧૪/૬/૧૫ ના રોજ ક.૧૯/૦૦ થી ૨૧/૪૫ દરમ્યાન મળી આવતાં તમામ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ઇંગ્લીશ વેચાણ કરાવાના ઈરાદે હેરાફેરી કરી ગુનો કરેલ હોય, ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૧૧૬(ખ) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. સદર ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદાર તપાસ પૂર્ણ કરી અત્રેની અદાલતમાં પુરવણી ચાર્જશીટ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીઓને સમન્સ કરતા અને જે બજી જતા આરોપી નં.૩ હાજર થયેલ અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ આરોપી નં.૩ ને પોલીસ પેપર્સની નકલો આપેલ છે. આરોપી નં.૩ ની પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો

કર્યાનો ઈન્કાર કરતાં, સદરહું કામના આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. સદરહું ગુનાના કામે આરોપી નં.૧, ૨, ૪ હાજર રહેતા ન હોય, આરોપી નં.૧ ઉપર અવાર–નવાર પકડ વોરંટ કાઢવામાં આવેલ હોય, પરંતુ આરોપી નં.૧, ૨, ૪ ને કોર્ટ સમક્ષ હાજર રખાવી શકેલ નથી અને આરોપી નં.૧, ૨, ૪ નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ નથી અને તેની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહીમાં વિલંબ પડે છે. તેથી આ તમામ સંજોગોનો લક્ષમાં લઈ સી.આર.પી.સી. કલમ–૨૯૯(૧) અન્વયે આરોપી નં.૧, ૨, ૪ ની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહી વિલંબમાં ન પડે તે હેતુથી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી પો.કો. કિરિટસિંહ ચંદુભાઈની જુબાની | ૩૩ |
| ૦૨ | પોલીસ સાહેદ નગીનભાઈ મણીભાઈ પટેલની જુબાની | ૪૯ |
| ૦૩ | પોલીસ સાહેદ મોઈનુદીન સફરુદીન કાજીની જુબાની | ૫૭ |
| ૦૪ | પંચ સાહેદ વિજયભાઈ કનુભાઈ પઢીયારની જુબાની | ૫૮ |
| ૦૫ | સાહેદ રમીલાબેન દિનેશભાઈ પઢીયારની જુબાની | ૮૮ |
| ૦૬ | સાહેદ સવિતાબેન શંભુભાઈ પઢીયારની જુબાની | ૯૧ |
| ૦૭ | સાહેદ ડાહયાભાઈ મોહનભાઈ પઢીયારની જુબાની | ૯૨ |
| ૦૮ | ત.ક.અ. નિવૃત ના.કો.અધિક્ષક જીતેન્દ્રસિંહ બચુભા ગોહેલ ની જુબાની | ૧૦૫ |
| ૦૯ | પોલીસ સાહેદ નિ.અ.હે.કો. રાજેન્દભાઈ દીતાભાઈ પાંડોરની જુબાની | ૧૧૪ |

**દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદ | ૩૪ |

| | | |
|---|---|---|
| ૦૨ | મુદ્દામાલ કબજે લીધેલાનું પંચનામું | ૫૦ |
| ૦૩ | મુદ્દામાલ એફ.એસ.એલ. ખાતે મોકલવામાં આવેલ તે બાબતનું સર્ટિ | ૧૦૬ |

(૪) સદરહું કામે ફરિયાદપક્ષ તરફે પોતાનો પુરાવો પુરો થયાનું આંક–૧૦૭ થી કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપી નં.૩ નું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં, આરોપી નં.૩ નાએ ફરીયાદ પક્ષના કેસની હકીકતો નકારેલ છે તથા પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે. અગાઉ જણાવ્યા મુજબ આરોપી નં.૧, ૨, ૪ વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ–૨૯૯(૧) મુજબનો હુકમ થયેલ હોય આરોપી નં. ૧, ૨, ૪ નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪.૧) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.સ્પે.પી.પી. શ્રી ડી.એ.પટેલ નાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા સારુ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ નહીં હોવા છતાં પણ વેચાણ સારુ વિદેશી દારૂ વેચાણ કરાવાના ઈરાદે હેરાફેરી કરેલ હોય આરોપીઓને તકસીરવાન ઠરાવી સજા કરવા જણાવેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, સદર કામે પંચો હોસ્ટાઇલ થયેલ છે, પરંતુ ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક હકીકતો જણાવેલ હોય, જે હકીકતોને ઘ્યાને લઈ આ કામના આરોપીઓને સમાજમાં ઘડો બેસે તેવી શિક્ષા કરવા ન્યાયના હિતમાં હુકમ કરવા અરજ કરેલ છે. આરોપી પક્ષે વિ.વ.શ્રી વી.આર.ઉપાધ્યાય નાઓએ દલીલ કરેલ છે કે, આ કામે પંચોને સમજ આપીને પંચનામુ કર્યું હોવાનું રેકર્ડ પર નથી તેમજ પંચોએ પંચનામાની હકીકતને લેશ માત્ર સમર્થન આપેલ નથી. જેથી પંચનામુ પુરવાર થયેલ નથી. ફરીયાદ પક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થતો ના હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

(૫) ઉપરોકત હકીકતે કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ સારૂં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**:: મુ દ્દા ઓ ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં પાસ પરમીટનો ઇંગ્લીશ દારૂનો જથ્થો વગર કન્ટેનગર ગાડી નં.આર.જે.૩૨.જી.એ.૬૦૨૦ માં કીચન ગુડસના બોક્ષના ઓથા હેઠળ અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારુ તથા બીયર મળી કુલ્લે ૧૯૧ બોક્ષ કૂલ નંગ–૪૪૬૮ કિ.રૂ.૭,૩૮,૨૦૦/– નો વગર પાસ પરમીટનો ભરી લાવી આ કામના આરોપી નં.૧ તથા ૪ તથા અન્ય આરોપી દીનેશ વાઘરી નાઓએ દારૂનો જથ્થો મંગાવી આરોપી નં.૨, ૩ નાઓ સદર જથ્થો કંન્ટેનરમાં ભરી લાવી આરોપી નં.૧ સ્થળ ઉપર પકડાઇ જઇ તથા આરોપી ઉદયભાન આહીર નાએ પોતાની માલીકીના કંન્ટેનરમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો ગુજરાતમાં વેચાણ કરવાના ઇરાદે પરપ્રાન્તમાંથી ભરાવી મોકલી આપતાં સદર જથ્થો આ કામના આરોપી નં.૪ નાઓએ અંબાવ ઇન્દીરા નગરીમાં ભાડે રાખેલ બે અલગ અલગ મકાનો સંગ્રહ રાખેલ તે જથ્થો રાખી તા.૧૪/૬/૧૫ ના રોજ ક.૧૯/૦૦ થી ૨૧/૪૫ દરમ્યાન મળી આવતાં તમામ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામા ઇંગ્લીશ વેચાણ કરાવાના ઇરાદે હેરાફેરી કરી ગુનો કરેલ હોય, ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૧૧૬(ખ) મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

:: કા ર ણો ::

<u>મુદ્દા નં.૧ અને ૨ :–</u>

(૭) ફરીયાદ પક્ષે મુદ્દામાલ કબજે કરેલાનું પંચનામું આંક–૫૦ થી રજૂ કરેલ છે. સદર પંચનામાના પંચ સાહેદ વિજયભાઈ કનુભાઈ પઢીયાર નાઓને આંક–૫૮ થી તપાસેલા છે. સદર પંચ સાહેદની જુબાની વંચાણે લેતાં તેઓએ માત્ર તૈયાર

પંચનામામાં સહી કરેલાનું જણાવે છે. પંચનામાની વિગતો અંગે તેઓને કોઈ માહિતી ન હોવાનું ફલિત થાય છે. સદર પંચસાહેદ ફરી ગયેલા છે અને વિ.એ.પી.પી.શ્રીની વધુ તપાસમાં પણ ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી જુબાનીઓ આપતા નથી. તેઓની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન એ હકીકત સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલી, પંચનામા વિશે તેઓ કશું જાણતા નથી. વધુમાં આંક–૫૦ થી રજુ પંચનામાના બીજા પંચ સાહેદ અશોકભાઈ ચંદુભાઈ પઢીયાર નાઓને બજાવવામાં આવેલ સમન્સ મરણના દાખલાની ઝેરોક્ષ નકલ સાથે પરત આવેલ છે જેથી તેઓને તપાસી શકાયેલ નથી. આ સંજોગોમાં પંચનામાની વિગતો પુરવાર થતી ન હોય મુદ્દામાલ આરોપીઓના કબજામાંથી મળી આવ્યાની હકીકત શંકાસ્પદ બને છે, જેનો લાભ આરોપીઓને મળવાપાત્ર બને છે.

(૮) ફરીયાદપક્ષ તરફે આંક–૩૩ થી ફરીયાદી પો.કો. કિરિટસિંહ ચંદુભાઈને તપાસી આંક–૩૪ થી ફરીયાદ રજુ કરેલ છે તેમજ આંક–૪૯ થી પોલીસ સાહેદ નગીનભાઈ મણીભાઈ પટેલને, આંક–૫૭ થી પોલીસ સાહેદ મોઈનુદીન સફરુદીન કાજીને તથા આંક–૧૦૫ થી ત.ક.અ. નિવૃત ના.કો.અધિક્ષક જીતેન્દ્રસિંહ બચુભા ગોહેલને તપાસી આંક–૧૦૬ થી મુદ્દામાલ એફ.એસ.એલ. ખાતે મોકલવામાં આવેલ તે બાબતનું સર્ટિ રજૂ કરેલ છે તેમજ આંક–૧૧૪ થી પોલીસ સાહેદ નિ.અ.હે.કો. રાજેન્દ્રભાઈ દીતાભાઈ પાંડોર નાઓને તપાસવામાં આવેલ છે. અત્રે એ નોંધ લેવી ઘટે છે કે, હાલના કામે તપાસનીશ અધિકારીએ પોલીસ સાહેદો તેમજ સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલ જેમાં તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ છે. સદરહું કામે પોલીસ સાહેદોની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી કોઈ સમર્થન મળેલ નથી તેમજ સદરહું કામે પંચ સાહેદે ફરીયાદ પક્ષની તરફેણમાં લેશમાત્ર પુરાવો આપેલ નથી, પંચ સાહેદે માત્ર

પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરીયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી.

(૮.૧) વધુમાં હાલના કામે સ્વતંત્ર સાહેદો રમીલાબેન દિનેશભાઈ પઢીયારને આંક–૮૮ થી, સાહેદ સવિતાબેન શંભુભાઈ પઢીયારને આંક–૯૧ થી તથા સાહેદ સાહેદ ડાહ્યાભાઈ મોહનભાઈ પઢીયારને આંક–૯૨ થી તપાસવામાં આવેલ છે. સદરહું સાહેદોએ તેઓની સર–તપાસ દરમ્યાન તેઓની ઈન્દીરા નગરીમાં રહેતા કલ્યાણસીંહ ભવરસીં હતને તેઓ ઓળખતા નહોવાનું તેમજ તેઓની સામે રહેતા ન હોવાનું તેમજ તેઓ ઈંગ્લીશ દારૂનો ધંધો કરતા કે કેમ તેની તેઓને ખબર ન હોવાનું જણાવેલ છે તેમજ સને–૨૦૧૫ ની સાલમાં તેઓ ભાડાનું મકાન રાખેલ તેમાં ઈંગ્લીશ દારૂ પકડેલો તેની તેઓને ખબર ન હોવાનું જણાવેલ છે. તેઓની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, પોલીસે ફકત તેઓનું નામ અને સરનામુ પુછેલું એ સિવાય તેઓ કાંઈ જાણતા ન હોવાનું સ્વીકારેલ છે. આમ, ઉપરોકત સ્વતંત્ર સાહેદોની સોગંદ ઉપરની જુબાની અન્વયે આરોપીઓને આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૯) આમ, સદરહું સાહેદોનો પુરાવો લક્ષમાં લેતાં, આરોપીઓના કબ્જામાંથી ફરીયાદ પક્ષના કેસ મુજબ મુદ્દામાલ ઈંગ્લીશ દારૂની બોટલો મળી આવેલાનું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં સદરહુ ગુનો ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૧૧૬(ખ) મુજબનો ગુનો છે. ગુનામાં કબજે લીધેલ મુદ્દામાલ પર ભારતીય બનાવટની વિદેશી દારૂ અંગે કાયદામાં કલમ–૧૧૬(ખ) હેઠળ જે અનુમાન મુકવામાં આવેલ છે તેવું અનુમાન ત્યારે જ થઈ શકે કે જયારે આરોપીઓની ગુનામાં સક્રિય ભુમિકા પ્રસ્થાપિત

થયેલ હોય અને મુદ્દામાલ ઈંગ્લીશ દારૂના જથ્થાનો કબજો આરોપીઓ પાસે હોવાનું પુરવાર થયેલ હોય હાલના કામે અગાઉ કરેલ ચર્ચા મુજબ જોતાં મુદ્દામાલ કબજે કરેલ પંચનામું તેના સ્વતંત્ર એવા પંચ સાહેદોના સોગંદ ઉપરના પુરાવાથી પુરવાર થઈ શકેલ નથી અને વધુમાં કબજે લેવાયેલ મુદ્દામાલ દારૂના જથ્થા ઉપરના સીલ ઓરીજીનલ હોવા અંગે તપાસ અધિકારીએ કોઈ તપાસ કરેલ હોય તેમ જણાતું નથી.

(૧૦) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના State vs Raijibhai Chaturbhai Solanki on 8 July, 1960 ના કેસમા કરાવેલ સિધ્ધાંત જોતા અને હાલના પ્રસ્તુત કેસમા પંચોની હાજરીમા સર્ચ કરી મુદ્દામાલ કબજે કરેલ હોવાનો કેસ છે અને પંચોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. ત્યારે પણ આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષ શંકા રહિત પુરવાર કરી શકેલ નથી. આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદાઓ અન્વયેના પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેતાં, ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષના પુરાવાઓનું કરેલ મુલ્યાંકન લક્ષમાં લેતાં, પંચ સાહેદોને ફરી ગયેલ જાહેર કરેલ છે જેથી ફરીયાદ પક્ષ આ કામે મુદામાલ રીકવરીનુ પંચનામુ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે અને ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર તથા બીજા પોલીસ સાહેદો હોઈ તે ફરીયાદ પક્ષના રસ ધરાવનાર સાહેદો હોય, તેમની જુબાનીને કોઈ સ્વતંત્ર સાહેદનું સમર્થન મળતું ન હોય ત્યારે કેસ નિશંકપણે પુરવાર થવા અંગે શંકાઓ ઉભી થાય છે અને ક્રિમીનલ વિધીશાસ્ત્રના સિધ્ધાંત મુજબ શંકાનો લાભ આરોપીઓને મળવા પાત્ર છે તથા તપાસ કરનાર અમલદારની જુબાની તથા અન્ય પોલીસ સાહેદોની જુબાની પરથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૧) ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૦૧ વંચાણે લેતાં ફરીયાદ પક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે છે, પરંતુ હાલના કામે તમામ હકીકતો, સંજોગો તથા રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોવાનું તથા ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સના સિધ્ધાંત મુજબ મળવા પાત્ર શંકાનો લાભ મેળવવા આરોપીઓ હકદાર થતા હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. જેથી તેનો લાભ આરોપીઓને મળવા પાત્ર

હોય, ઉપરોકત મુદ્દા નં.૧ નો જવાબ 'નકાર' માં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આરોપી નં.(૧) પ્રદીપભાઈ ઠાકોરભાઈ ઠક્કર, રહે.બી/૪ર, પરીવાર સોસાયટી, વાઘોરડીયા રોડ, વડોદરા, આરોપી નં.(ર) અજીતકુમાર ઘાસીરામ યાદવ, રહે.ધીલોટ, તા.બદરોડ, જી.અલવર, આરોપી નં.(૩) બાબુલાલ શ્રીરામકુમાર શર્મા રહે.ગામ બલાઈમા, તા.જી.મહેન્દ્રગઢ, હરીયાણા, આરોપી નં.(૪) કલ્યાણસીંહ ભવાનીસિંહ બિહોલા, રહે.અંબાવ, તા.આંકલાવ, જી.આણંદ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–ર૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૬પ(એ)(ઈ), ૮૧, ૮૩, ૧૧૬(ખ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) સદર કામે કબ્જે લેવામાં આવેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૩૧, માહે : જુલાઇ, સને: ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : આંકલાવ.
તા.૩૧/૦૭/ર૦ર૬

**(એ.બી.સિંઘવી)**
જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
આંકલાવ
જજ કોડ જી.જે.૦૧પ૮૬

(M.M.Pathan)
Stenographer